# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

## બાળ સત્સંગ પરીક્ષા કાર્યાલય

### સત્સંગ વિહાર - ૩ : પ્રેક્ટિસ પેપર - ૨

### જવાબપત્ર - ૨

**સમય : ૧ કલાક**
**કુલ ગુણ : ૫૦**

**પ્ર.૧ સાચો વિકલ્પ પસંદ કરી ચોરસ ખાનામાં જવાબ નંબર લખો.** **[૨૫]**

**૧.** ડુંગરભક્ત કુટુંબીજનો સાથે કયા ગામે લગ્નપ્રસંગે ગયા હતા? (પાઠ-૨૪)
(૧) જૂનાગઢ (૨) આણંદ **(૩) કરમસદ** **૧.** [ ૩ ]

**૨.** અક્ષર ઓરડીમાં મહારાજે પોતાની સાથે કોની પથારી કરાવી? (પાઠ-૨૯)
(૧) દાદાખાચર **(૨) હીરાદાસ** (૩) પ્રેમાનંદ સ્વામી **૨.** [ ૨ ]

**૩.** હીરાદાસે ક્યાં ઉતારો કર્યો? (પાઠ-૨૯)
(૧) મહેલમાં (૨) ધર્મશાળામાં **(૩) મંદિરમાં** **૩.** [ ૩ ]

**૪.** ગઢડા પરત આવીને હીરાદાસે મહારાજને શું કહ્યું? (પાઠ-૨૯)
**(૧) મારા જીવમાંથી આપના સ્વરૂપનો નિશ્ચય કાઢી નાંખો.**
(૨) બાવાઓએ મને ખૂબ માર માર્યો છે તો મને સાજો કરો.
(૩) કૃપા કરીને તમે અમારા નિયમ સરળ બનાવો. **૪.** [ ૧ ]

**૫.** જ્યારે માતા-પિતા સાથે લગ્નમાં ગયા અને એકાદશીનો ઉપવાસ કર્યો હતો. ત્યારે ડુંગર ભગતની ઉંમર કેટલા વર્ષની હતી? (પાઠ-૨૪)
(૧) ૭ વર્ષ (૨) ૯ વર્ષ **(૩) ૬ વર્ષ** **૫.** [ ૩ ]

**૬.** ગઢડામાં દરબારમાં કૂતરું ક્યાં મળ કરી ગયું હતું? (પાઠ-૩૧)
(૧) બધા જ્યાં બેસતા તે સ્થળે (૨) જ્યાં પ્રસાદ વહેંચાતો હતો ત્યાં **૬.** [ ૩ ]
**(૩) મહારાજ સભા કરવાના હતા તે ઓટલા ઉપર**

**૭.** શેના વડે ઉકા ખાચરે કૂતરાનું મળ સાફ કર્યું? (પાઠ-૩૧)
(૧) તેમના હાથ વડે **(૨) સાવરણો અને પાણી વડે** **૭.** [ ૨ ]
(૩) તેમના પગથી લાત મારીને

**૮.** સંવત ૧૯૧૨માં ગુણાતીતાનંદ સ્વામી આચાર્ય રઘુવીરજી મહારાજ સાથે કયા ગામે ગયા હતા? (પાઠ-૩૫)
(૧) જૂનાગઢ (૨) અટલાદરા **(૩) આણંદ** **૮.** [ ૩ ]

**૯.** ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢમાં કેટલા વર્ષ રહ્યા? (પાઠ-૧૦)
(૧) ૩૦ (૨) ૩૨ **(૩) ૪૦** **૯.** [ ૩ ]

**૧૦.** સ્વામીની વાતોના મુખ્ય ગ્રંથમાં કુલ કેટલા પ્રકરણ છે? (પાઠ-૦)
**(૧) ૭** (૨) ૫ (૩) ૧૫ **૧૦.** [ ૧ ]

**૧૧** સ્વામીની વાતો કયા ગ્રંથનું શ્રેષ્ઠ ભાષ્ય છે? (પાઠ-૩૫)
(૧) ભક્તચિંતામણી (૨) પુરુષોત્તમપ્રકાશ **(૩) વચનામૃત** **૧૧.** [ ૩ ]

D:\D Driva\PARIXA PARDESH\SV-1 2 3 Practice Paper 23-9-23\SV3\50 Marks SV3 Guj Paper\SV 3 Guj Practice Paper-1.2 02Ans

**૧૨.** ક્યા ગામમાં કરવેરો ઉઘરાવવા અંગ્રેજ અમલદારની નિમણૂક થઈ હતી? (પાઠ-૪૦)

**(૧) જામનગર** (૨) તીથલ (૩) અમદાવાદ **૧૨.** | ૧ |

**૧૩.** હોળીસંગ અને ઘુડકોટ ગામમાં ઓફિસર શું જોઈને રાજી થયા? (પાઠ-૪૦)

**(૧) ખેડૂતોને સ્વચ્છ કપડામાં જોઈને** **૧૩.** | ૧ |

(૨) ખેડૂતોને મહેનત કરતાં જોઈ (૩) ખેડૂતોને આરામ કરતાં જોઈ

**૧૪.** સ્વામિનારાયણ મંત્ર શ્રીજી મહારાજે ક્યા ગામમાં આપ્યો? (પાઠ-૭)

(૧) વિસનગર (૨) ભોંયરા **(3) ફણેણી** **૧૪.** | 3 |

**૧૫.** નીલકંઠ વર્ણીએ ભારતભરમાં કેટલા વર્ષ વિચરણ કર્યું? (પાઠ-3૯)

(૧) ૯ વર્ષ ૧ માસ ૨૧ દિવસ **(૨) ૭ વર્ષ ૧ માસ ૧૧ દિવસ** **૧૫.** | ૨ |

(૩) ૭ વર્ષ ૧૧ માસ ૧ દિવસ

**૧૬.** ગુણાતીતાનંદ સ્વામીના મન પ્રમાણે કેટલા આના જીવનની આવરદા(ઉંમર) સત્સંગ માટે વાપરવી? (પાઠ-૨૮)

**(૧) ૪ આના** (૨) ૩ આના (૩) ૫ આના **૧૬.** | ૧ |

**૧૭.** સ્વામીની વાતો ગ્રંથમાં નાની-મોટી કેટલી વાતોનો સમાવેશ થયેલો છે? (પાઠ-૩૫)

**(૧) ૧૪૮૯** (૨) ૧૪૯૮ (૩) ૧૯૮૪ **૧૭.** | ૧ |

**૧૮.** ધર્મદેવ ચંદ્રગ્રહણ કરવા ક્યાં ગયા? (પાઠ-૩)

**(૧) કાશી** (૨) મથુરા (૩) દ્વારકા **૧૮.** | ૧ |

**૧૯.** સત્પુરુષમાં આત્મબુદ્ધિ એ શેનું અસાધારણ સાધન છે? (પાઠ-૧૨)

(૧) સદાચાર (૨) પ્રેમ **(3) કલ્યાણ** **૧૯.** | 3 |

**૨૦.** શ્રીજી મહારાજે સત્સંગમાં નિયમોનું એક નવું પ્રકરણ શરૂ કર્યું તો સત્સંગમાંથી કોણ નીકળી ગયું? (પાઠ-૨૯)

**(૧) હીરાદાસ** (૨) રઘુનાથદાસ (૩) રામદાસ **૨૦.** | ૧ |

**૨૧.** સ્વામીશ્રીએ મલાઈની બનાવેલી કઢી ક્યાં ખાધી? (પાઠ-૧૭)

**(૧) ઈંગ્લેન્ડ** (૨) આણંદ (૩) ગોંડલ **૨૧.** | ૧ |

**૨૨.** આપણે રોજ શું કરવું જોઈએ? (પાઠ-૨૪)

(૧) ઉપવાસ (૨) અલુણા **(3) ઈન્દ્રિયોની એકાદશી** **૨૨.** | 3 |

**૨૩.** ભગતજી મહારાજના માતાનું નામ શું હતું? (પાઠ-૧૨)

(૧) ભલુબા **(૨) મલુબા** (૩) વલુબા **૨૩.** | ૨ |

**૨૪.** પ્રમુખસ્વામીના મત પ્રમાણે કોણ ધોળે કપડે સાધુ છે? (પાઠ-૨૮)

(૧) હરિભક્ત (૨) બાળક **(3) કાર્યકરો** **૨૪.** | 3 |

**૨૫.** પોંડિચેરીમાં યોગીજી મહારાજે કેટલા ડબ્બાની ટ્રેનની પ્રદક્ષિણા કરી? (પાઠ-૦)

(૧) ૧૫ (૨) ૧૬ **(3) ૧૮** **૨૫.** | 3 |

**પ્ર.૨ નીચેના વાક્યો ખરાં (✓) છે કે ખોટાં (✗)તેની નિશાની સામેના ખાનામાં કરો.** **[૧૦]**

**૧.** વેદો અને ઉપનિષદો બ્રહ્મ અને પરબ્રહ્મની તથા અક્ષર અને પુરુષોત્તમની વાતો કરે છે. (પાઠ-૧૯) **૧.** | ✓ |

| | | | |
|---|---|---|---|
| ૨. | જો આપણા હૃદયમાં દુર્ગુણોનો કચરો ભરેલો હશે તો મહારાજ ત્યાં રહેશે. (પાઠ-૨૬) | ૨. | ✗ |
| ૩. | આણંદના નાના બાળકે સત્સંગનું બધુ સાહિત્ય વાંચવાનું ધ્યેય બનાવ્યું. (પાઠ-૨૭) | ૩. | ✓ |
| ૪. | પ્રમુખસ્વામીનું બાળપણનું નામ ડુંગરભગત હતું. (પાઠ-૨૪) | ૪. | ✗ |
| ૫. | નારદજીએ ધ્રુવને તપ કરવાનું ક્યારેય ન છોડવું તેમ કહ્યું. (પાઠ-૩૪) | ૫. | ✗ |
| ૬. | ધ્રુવને ઉત્તમ સાથે રમવું હતું પરંતુ ઉત્તમની માતાએ ના પાડી. (પાઠ-૩૪) | ૬. | ✗ |
| ૭. | મહારાજ સુરાખાચરને જાંજમેરમાં મળ્યા. (પાઠ-૯) | ૭. | ✗ |
| ૮. | મહારાજનો પત્ર વાંચી ૮ કણબી પટેલોએ ભાદરા છોડ્યું. (પાઠ-૩૨) | ૮. | ✗ |
| ૯. | કલ્યાણભાઈના પડોશી ખરા સત્સંગી હતા. (પાઠ-૩૬) | ૯. | ✗ |
| ૧૦. | આપણે મિત્રોની મદદ ના કરવી જોઈએ. (પાઠ-૩૬) | ૧૦. | ✗ |

**પ્ર.3 નીચે આપેલા પ્રશ્નોના ૧ કે ૨ વાક્યમાં જવાબ લખો.** **[૬]**

૧. પોંડિચેરી રેલ્વે સ્ટેશને યોગીજી મહારાજે શું કર્યું? (પાઠ-૧૪)

**જ. પોંડિચેરી રેલ્વે સ્ટેશને યોગીજી મહારાજે હરિભક્તોનો સામાન મુકેલી ૧૮ ડબ્બાની ટ્રેનની દોઢ પ્રદક્ષિણા કરી અને ટ્રેનને દંડવત્ કર્યા.**

૨. નીલકંઠવર્ણીને સેવકરામ ક્યાં મળ્યો હતો અને તે શું ભણેલો હતો? (પાઠ-૪)

**જ. નીલકંઠવર્ણીને વેંકટાદ્રિથી સેતુબંધ રામેશ્વર જતા રસ્તામાં સેવકરામ મળ્યો તે શ્રીમદ્ભાગવતાદિક પુરાણને ભણ્યો હતો.**

3. સ્વામિનારાયણ મંત્રમાં શું સંદેશો છે? (પાઠ-૭)

**જ. સ્વામી જેવા બની નારાયણની ભક્તિ કરવી તે સંદેશો સ્વામિનારાયણ મંત્રમાં છે.**

**પ્ર.૪ મુખપાઠ પંક્તિ પૂર્ણ કરો.** **[૪]**

૧. ભક્ત્યૈવ દિવ્યભાવેન ...................................... અક્ષરપુરુષોત્તમ ॥ (પાઠ-૩૭)

**જ. ભક્ત્યૈવ દિવ્યભાવેન પૂજા તે સમનુષ્ઠિતા ।**
**ગચ્છાથ ત્વં મદાત્માનમ્ અક્ષરપુરુષોત્તમ ॥**

૨. જે ભગવાનના ભક્તને .................................. તેના જે ગુણ તેનું જ ગ્રહણ કરે. (પાઠ-૩૮)

**જ. જે ભગવાનના ભક્તને સત્-અસત્નો વિવેક હોય તે તો જે જે અવગુણ પોતામાં હોય તેને જાણે અને વિચારીને તેનો ત્યાગ કરી દે. અને સંતમાં અથવા કોઈ સત્સંગીમાં કાંઈક અવગુણ પોતાને ભાસતો હોય તો તેને ત્યાગ કરી દે અને તેના જે ગુણ તેનું જ ગ્રહણ કરે. (વચનામૃત, ગઢડા પ્રથમ-૧૬)**

**પ્ર.૫ નીચેના કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (૧૦ થી ૧૨ લીટીમાં)** **[૫]**

**૧.** સમજાવો સત્યકામ શું શીખ્યો? **(પાઠ-૧)**

**૨.** સમજાવો વજીબાએ શું જોયું? **(પાઠ-૨૦)**

**3.** જાણવા જેવું : ગુરુહરિ મહંતસ્વામી મહારાજ **(પાઠ-3૯)**